## રાજકોટ રૂરલ જીલ્લા ઃ- પોલીસે કરેલ સારી કામગીરી

## માહે- ઓકટોબર/૨૦૧૯

---

### ઠગાઇઃ- ૦૧

તા.૨૧/૧૦/૨૦૧૯ નાં રોજ પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી હકીકત આધારે આટકોટ પો.સ્ટે. વિસ્તારમાં રાજકોટ ભાવનગર હાઇ-વે રોડ ઉપર ગોંડલ ચોકડી પાસે વોચ ગોઠવી કિશન સ.ઓ. સંજયભાઇ પોલાભાઇ દાફડા જાતે.અનુ.જાતિ ઉ.વ.૨૨ રહે.ભાડલા તા.જસદણ વાળાને (૧) સોનાના બુટીયા નંગ-૨ આશરે કી.રૂ. ૨૫,૦૦૦/- તથા (૨) રોકડા રૂપિયા ૭,૦૦૦/- તથા (૩) એક કાળા કલરનો સેમસંગનો ફોન કી.રૂ. ૫,૦૦૦/- તથા (૪) એક સેમસંગનો સાદો મોબાઇલ ફોન કી.રૂ. ૫,૦૦/- તથા (૫) ઇકકો કાર રૂ. ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૭,૫૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી, મજકુરની પુછપરછ કરતા પોતે સોનાના બુટીયા તથા સેમસંગ કંપનીનો સાદો મોબાઇલ ફોન તથા રોકડ રૂપિયા ૩૮૦/- ગઇ તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ વિરનગર થી કનેસરા જવાના રસ્તા પર પોતાની ઇકકો કારમાં બેસેલ મહીલા પેસેન્જર ને આ વિસ્તારમાં લુટફાટ થવાની સંભવના છે. તેવી બીક બતાવી તેના બુટીયા તથા રોકડા રૂપિયા ૩૮૦/- તથા સેમસંગ કંપનીનો સાદો મોબાઇલ ફોન પોતાની ઇકકો કારમાં રાખી દેવાનું કહી રસ્તામાં ગાડી બંધ પડી ગયેલ છે. તેવુ નાટક કરી ગાડી ને ધકકો મરાવવા નીચે ઉતારી મહીલા નીચે ઉતરતા પોતાની ગાડી લઇને નાશી ગયેલ હોવાની કબુલાત આપતા મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે કરી મજકુર ઇસમને સી.આર.પી.સી.ક.૪૧(૧)(ડી) મુજબ અટક કરી આટકોટ પો.સ્ટે. સોંપી આપી. ફરીયાદીશ્રી ઇન્દુબેન વા.ઓ. ભરતભાઇ બન્સીદાસ રામાવત જાતે.બાવાજી ઉવ.૪૨ રહે.પારેવાળા તા.જસદણ વાળાએ તેઓની ફરીયાદ જાહેર કરેલ કે, ગઇ તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ પોતે આટકોટથી પેસેન્જર તરીકે ઇકકો કારમા બેસેલ જે ઇકકો કારના ડ્રાઇવરે વિરનગર થી કનેસરા જવાના રસ્તા પર કહેલ આ વિસ્તારમાં લુટફાટ થવાની સંભવના છે. જેથી તમારા દાગીના તથા રૂપિયા અને ફોન પાકડીમાં મુકી ગાડીમા રાખી દયો તેવી બીક બતાવેલ જેથી પોતે પોતાના કાનના બુટીયા નંગ-૨ કિ.રૂ.૨૫,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૩૮૦/- તથા સેમસંગ કંપનીનો સાદો મોબાઇલ ફોન કિ.રુ.૫૦૦/- વાળો રાખી દીધેલ અને ડ્રાઇવરે ઇકકો ગાડી બંધ પડી ગયેલ છે. તેવુ નાટક કરી ગાડી ને ધકકો મરાવવા નીચે ઉતરવા કહેતા પોતે ગાડીને ધકકો મારવા નીચે ઉતરતા ડ્રાઇવર ઇકકો ગાડી ચાલુ કરી, પોતાના કાનના બુટીયા નંગ-૨ કિ.રૂ.૨૫,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૩૮૦/- તથા સેમસંગ કંપનીનો સાદો મોબાઇલ ફોન કિ.રુ.૫૦૦/- મળી કુલ રૂ.૨૫,૮૮૦/- ની ચીજવસ્તુ લઇ નાશી ગયેલ તેવી ફરીયાદ જાહેર કરતા આટકોટ પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૪૭/૨૦૧૯, ઇ.પી.કો. ૪૦૬, ૪૨૦ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવી આ વણશોધાયેલ ગુન્હો શોધી કાઢેલ છે.

--------------------